## દારૂની દુકાનમાં વાંદરાની 'મહેફિલ'



### ઘૂંટડો માર્યા બાદ દુકાનની અંદર જ ચૂર થઈને સૂઈ ગયો

રાંચી, તા. ૨૬: ઝારખંડના રાંચીમાં એક માદા વાંદરો દારૂની દુકાનમાં ઘૂસી ગયો હતો, ત્યાં એક બોટલમાંથી દારૂ પીધો અને ત્યાર બાદ દુકાનની અંદર જ ઊંઘી ગયો, જે એક અસાધારણ કિસ્સો બન્યો હતો.


આ અજીબોગરીબ ઘટના ઓરમાઝીના બ્લોક ચોક ખાતે બની હતી, જ્યાં અચાનક એક વાંદરો દારૂની દુકાનમાં ઘૂસી ગયો અને તેની અંદર આડાઅવળા આંટા મારવા લાગ્યો.

વાંદરાએ દુકાનમાં રાખેલી એક બોટલમાંથી થોડો દારૂ પણ પી લીધો અને ત્યાર બાદ ખૂબ જ ગાઢ ઊંઘ માણી રહ્યો હોય તેમ ત્યાં જ ઊંઘી ગયો હતો.

આ અનપેક્ષિત મહેમાને દુકાનદારોને એવી મૂંઝવણમાં મૂકી દીધા જેની તેઓએ ક્યારેય અપેક્ષા નહોતી રાખી. વાંદરા અંગેની માહિતી ફેલાયા બાદ એક રેસ્ક્યુ ટીમ સ્થળ પર આવી પહોંચી અને તેને સુરક્ષિત રીતે દારૂની દુકાનની બહાર લાવવાના પ્રયાસો કર્યા.

આ દુકાનને વાંદરાએ દારૂ પીવા અને આરામ કરવા માટેનું અનોખું સ્થળ બનાવ્યું હોય તેવું લાગતું હતું.





## ૪૬૫ કિલોનું કોળું અને ૭.૫ મીટર લાંબી કાકડી !

### બ્રિટનની જાયન્ટ વેગ સ્પર્ધામાં નવા વિક્રમો

### મહાકાય કોળું નિર્ણાયકો સમક્ષ લાવવા ફોર્કલિફ્ટની જરૂર પડી

વોર્સેસ્ટરશાયર, તા. ૨૬: વાર્ષિક 'નેશનલ જાયન્ટ વેગ' સ્પર્ધા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે - જેમાં મોટા બીટ, રીંગણ અને ૪૬૫ કિગ્રા વજનવાળા કોળા આ વર્ષે આકર્ષણનું કેન્દ્ર બનવા માટે તૈયાર છે.

વિશ્વ રેકોર્ડ તોડતી ઉપજોની એક ઝલક જોવા માટે આગામી ત્રણ દિવસમાં વોરસેસ્ટરશાયરના માલવર્ન સ્થિત થ્રી કાઉન્ટીઝ શોગ્રાઉન્ડ ખાતે ૬૫,૦૦૦ થી વધુ લોકો ઉમટી પડવાની અપેક્ષા છે. હવે બાગાયતના શોખીનો વધુ રેકોર્ડ તોડવાની આશા રાખી રહ્યા છે, જેમાં બ્રિટિશ વિશાળ શાકભાજી ઉગાડનાર ચેમ્પિયન ગ્રેહામ બેરેટ પણ સામેલ છે, જેમણે તેમનું વિશાળ ૪૬૫.૫ કિલોગ્રામનું કોળું ટ્રકમાં વહન કરવું પડ્યું હતું. આ પ્રભાવશાળી ઉપજનો પરિઘ ૧૩૦ ઈંચનો છે અને તેને નિર્ણાયકો સમક્ષ લાવવા માટે ફોર્કલિફ્ટની જરૂર પડી હતી.

શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બરે સ્પર્ધાના પહેલા જ દિવસે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના સાત રેકોર્ડ બન્યા - જેમાં ૩૬૩ ગ્રામનો સૌથી ભારે મકાઈનો દાણો, ૨૪.૬ ફૂટનો સૌથી મોટો કાકડીનો છોડ અને ૨૬ કિલોગ્રામનું સૌથી ભારે બીટ સામેલ છે. ગ્લોસેસ્ટરના એબીડેલના બીટીના ભૂતપૂર્વ વરિષ્ઠ મેનેજર ગ્રેહામ આ વર્ષે નવ એન્ટ્રીઓ ધરાવે છે અને આ વર્ષે તેમણે ઇતિહાસમાં સૌથી લાંબી ૭.૫ મીટર લાંબી કાકડીનો વિશ્વ રેકોર્ડ તોડ્યો છે.

## પેજ 3

### 'મારું ઘર તૂટી રહ્યું છે': ગોવિંદાના અફેરની અફવાઓ વચ્ચે સુનીતા આહુજાએ જેન ઝીનો ટેકો માંગ્યો



મુંબઈ, તા. 26 સુનીતા આહુજાએ ગોવિંદા સાથે ચાલી રહેલા અણબનાવ વિશે વાત કરી છે. તેમણે મહિલાઓ અને જેન ઝીને ટેકો આપવા અપીલ કરી છે અને દાવો કર્યો છે કે તેમનું ઘર તૂટી રહ્યું છે. તેમની આ ટિપ્પણીઓ ગોવિંદા મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજા ખાતે તેમની કથિત પ્રેમિકા કોમલ રાની સ્વર્ણકાર સાથે નજરે પડ્યા બાદ સામે આવી છે. સુનીતા, જેઓ તાજેતરમાં 'લોક અપ'માં જોવા મળ્યાં હતાં, તેમણે કોલકાતાના એક મંદિરની મુલાકાત લીધી હતી અને ત્યાંથી એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં સુનીતા આહુજાએ જણાવ્યું હતું કે, તેઓ દેવીના આશીર્વાદ લેવા અને તેમના જીવનમાં રહેલા 'રાક્ષસ'ના નાશ માટે પ્રાર્થના કરવા ગયાં હતાં.

### "પોતાના જ પતિને મારવાનો પ્રયાસ કરનારની બદદુઆ નથી લાગતી" - કોમલે સુનીતા આહુજા સામે રોષ ઠાલવ્યો



મુંબઈ, તા. 26 : સુપરસ્ટાર ગોવિંદા, કોમલ રાની સ્વર્ણકાર અને સુનીતા આહુજા વચ્ચેનો વિવાદ સતત વધી રહ્યો છે. સુનીતા આહુજાનાં સતત નિવેદનો વચ્ચે હવે કોમલે પણ પહેલી પ્રતિક્રિયા આપી છે અને સુનીતા આહુજા વિરુદ્ધ ખાસ્સો રોષ ઠાલવ્યો છે. કોમલે પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક સ્ટોરી મૂકી છે જેમાં પોતાનું લાંબુ નિવેદન શેર કર્યું છે. કોમલે કહ્યું, "જે સ્ત્રી પોતાના જ પતિને વર્ષોથી જાનથી મારી નાખવાની કોશિશ કરી રહી હોય, એવી સ્ત્રીઓની બદદુઆઓ કોઈને નથી લાગતી." કોમલે પોતાના સ્ટેટમેન્ટમાં આગળ લખ્યું, "એક તૂટેલા ઘરમાં કોઈ બીજી વ્યક્તિ ઘર તોડવનાર નથી હોતી."

## ટ્રમ્પે 'ઓપરેશન સિંદૂર' રોકવા બદલ આભાર માનતો શેહબાઝ શરીફનો વીડિયો શેર કર્યો

વોશિંગ્ટન, તા. 26 (PTI): યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફના યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્ર) ખાતે આપેલા ભાષણની એક વીડિયો ક્લિપ શેર કરી છે, જેમાં તેમણે 'ઓપરેશન સિંદૂર' અટકાવવામાં અમેરિકી નેતાના સમયસર હસ્તક્ષેપ બદલ આભાર માન્યો હતો. શુક્રવારે ટ્રમ્પ દ્વારા ટ્રુથ સોશિયલ પર શેર કરવામાં આવેલી 87 સેકન્ડની આ ક્લિપમાં શરીફે ગયા વર્ષે પહલગાંવ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતે શરૂ કરેલા 'ઓપરેશન સિંદૂર'ને બાહ્ય આક્રમણ ગણાવ્યું હતું.

# સાત દિવસમાં હોર્મુઝ ખોલવા માટેની ઈરાનની શરતી દરખાસ્ત ટ્રમ્પે ફગાવી

### આ સપ્તાહે ઇરાને આ દરખાસ્ત કરી હતી, ઇરાની વિદેશ મંત્રીએ તે અંગે વધુ સ્પષ્ટતા કરી

### મિડટર્મ ચૂંટણી પછી ફરીથી ઇરાન પર હુમલા કરવાની ધમકી

તેહરાન, વૉશિંગ્ટન, તા. ૨૬: ઈરાને હોર્મુઝની સામુદ્રધૂની સાત દિવસમાં ખોલી દેવા માટેની એક દરખાસ્ત અમેરિકા સમક્ષ આ સપ્તાહે મૂકી હતી અને જણાવ્યું હતું કે અગાઉના સમજૂતિપત્રકમાં જે શરતો છે તે શરતો પર અમેરિકા અમલ કરે તો ઈરાન સાત દિવસમાં આ સમુદ્રી માર્ગ ખોલી દેવા માટે તૈયાર છે. પરંતુ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આજે આ દરખાસ્ત ફગાવી દીધી હતી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવા માટેના ઈરાનના પ્રસ્તાવિત સાત દિવસના આયોજન અંગે વધુ વિગતો આપી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આ ટાઈમલાઈન ક્યારે શરૂ થશે, ત્યારે અરાઘચીએ કહ્યું, જેવું અમેરિકા આ પ્લાનનો સ્વીકાર કરશે તે સાથે જ. તેમણે ઉમેર્યું, જો તેઓ આવતીકાલે આ પ્લાનનો સ્વીકાર કરે છે, તો આ સાત દિવસ આવતીકાલથી જ શરૂ થઈ જશે. અરાઘચીએ જણાવ્યું હતું કે આ આયોજન હેઠળ અમેરિકાએ ચોક્કસ પગલાં લેવા પડશે, જે તેમનું માનવું છે કે ચાર કે પાંચ દિવસમાં પૂર્ણ થઈ શકે છે. અરાઘચીએ કહ્યું, આ પગલાં... નવા નથી, તે બધાં પહેલેથી જ એમઓયુમાં દર્શાવેલા જ છે, તેથી અમને તેના અમલીકરણમાં કોઈ મુશ્કેલી દેખાતી નથી. તેમણે આગળ ઉમેર્યું કે જો અમેરિકા આ શરતો પૂરી કરે છે, તો છઠ્ઠા દિવસે સામુદ્રધુની ખોલી દેવામાં આવશે અને તેના પછીના દિવસે અમેરિકા સાથે ફરીથી વાટાઘાટો શરૂ થશે.

જો કે અમેરિકાએ ઈરાનની આ દરખાસ્ત ફગાવી દીધી હોવાનું અહેવાલ જણાવે છે. વૉલ સ્ટ્રીટ જર્નલનો અહેવાલ જણાવે છે કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઈરાનની આ સાત દિવસમાં હોર્મુઝ ખોલવાની દરખાસ્ત ફગાવી દીધી છે અને અમેરિકાની મિડટર્મ ચૂંટણી પતે પછી ફરીથી ઈરાન પર હુમલા કરવાની ધમકી આપી છે. અમેરિકાની સંસદની મિડટર્મ ચૂંટણી નવેમ્બરમાં છે. અહીં એ નોંધનીય છે કે આ યુદ્ધમાં અત્યાર સુધી અનેક વાર ટ્રમ્પ ધમકીઓ આપીને પછી પાણીમાં બેસી ગયા છે. ટ્રમ્પે એક ફૂટબોલ મેચ જોવા રવાના થતા પહેલા કહ્યું હતું કે તે પોતે પણ કરાર કરવા તૈયાર છે પણ આ કરાર સ્વીકાર્ય નથી.

### ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર 'ટ્રમ્પ સ્ટ્રેટ'નો ફોટો મૂક્યો

ઇરાનની મંત્રણાની દરખાસ્ત નકારી કાઢ્યાના થોડા જ સમય અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પછી 'ટ્રમ્પ સ્ટ્રેટ'ના ફોટો સાથે ઈરાનની મજાક ઉડાવી હતી. આમાં હોર્મુઝની સામુદ્રધૂનિને ટ્રમ્પની સામુદ્રધૂનિ તરીકે દર્શાવવામાં આવી છે. ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, ટ્રમ્પે એક પ્રસ્તાવને ફગાવી દીધો હતો જેમાં ઈરાન દ્વારા હોર્મુઝની સમુદ્રધૂની ફરીથી ખોલવા અને પરમાણુ વાટાઘાટો ફરી શરૂ કરવાનો સમાવેશ થતો હતો. આ સમાચાર બહાર આવ્યાના લગભગ અડધા કલાક પછી, ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર 'ટ્રમ્પ સ્ટ્રેટ'ના ચિત્ર સાથે પોસ્ટ કરી હતી, જે તેમણે અગાઉ અમેરિકી પ્રમુખ તરીકેની પોતાની સત્તાનો ઉપયોગ કરીને 'ગલ્ફ ઓફ અમેરિકા' અને 'લેક અમેરિકા' નામ આપ્યા હતા તે ક્ષણોની યાદ અપાવે છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,38,750/-
18 KT 1,13,480/- 14 KT 88,210/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

## પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં 13નાં મોત



પેશાવર, તા. 26 (પીટીઆઈ): પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ ભાગમાં શનિવારે એક વિસ્ફોટકો ભરેલું વાહન પોલીસ ચોકી સાથે અથડાતાં બે મહિલાઓ અને બે બાળકો સહિત ઓછામાં ઓછા 13 લોકોનાં મોત થયાં હતાં અને અન્ય 30 લોકો ઘાયલ થયા હતા. એમ એક અધિકારીએ જણાવ્યું છે. પાકિસ્તાનની રાષ્ટ્રીય કટોકટી પ્રતિસાદ સેવા 'રેસ્ક્યુ 1122' અનુસાર, આ ઘટના અશાંત ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પ્રાંતોની સરહદ નજીક ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના દારાઝિંડા તાલુકામાં બની હતી. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. પ્રાદેશિક પોલીસ અધિકારી ખાન મુબશીર મલિકે જણાવ્યું હતું કે, એક આત્મઘાતી હુમલાખોરે અમાન મેલા વિસ્તારમાં સંયુક્ત પોલીસ અને કસ્ટમ્સની સંયુક્ત ચોકી સાથે વિસ્ફોટકોથી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલી અથડાવી હતી.

ડેરા ઈસ્માઈલ ખાન-ક્વેટા રોડ પર દાણચોરી ડામવા અને માલસામાનની ગેરકાયદેસર હિલચાલ તપાસવા માટે આ ચોકી સ્થાપવામાં આવી હતી.

વિસ્ફોટના કારણે ચોકીનો મોટો ભાગ નાશ પામ્યો હતો અને નજીકનું એક મકાન સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયું હતું, જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, આત્મઘાતી હુમલાખોર, એક્સાઈઝ અને કસ્ટમ્સ વિભાગના છ અધિકારીઓ, બે પોલીસકર્મીઓ, બે મહિલાઓ અને બે બાળકો સહિત કુલ 13 લોકોનાં મોત થયાં છે અને 30 લોકો ઘાયલ થયા છે.

ઘાયલોને સારવાર માટે ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે મૃતદેહોને પણ ત્યાં જ લઈ જવામાં આવ્યા છે.

પોલીસે જણાવ્યું કે, હુમલામાં વપરાયેલા વિસ્ફોટકોની પ્રકૃતિ નક્કી કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે.



## અમેરિકાના પૂર્વ કાંઠે શક્તિશાળી વાવાઝોડું: ન્યૂજર્સીમાં પૂરની સ્થિતિ

### ન્યૂયોર્ક, ન્યૂજર્સી, લોંગ આઇલેન્ડમાં કટોકટીની સ્થિતિ જાહેર

### હજારો લોકો વીજળી વિહોણા, સેંકડો ફ્લાઇટો રદ

ન્યૂજર્સી, તા. ૨૬: ચાર કરોડ અમેરિકનોને અસર પહોંચાડી શકે તેવું એક શક્તિશાળી નોર્થઈસ્ટર વાવાઝોડું શુક્રવારે રાત્રે અંતે પૂર્વ કિનારે ત્રાટક્યું હતું, જેના કારણે દરિયાનું પાણી શેરીઓ અને સમુદ્રની સુરક્ષા દિવાલો પર ફરી વળ્યું હતું.

અંધારું થયા પછી જ તેની પ્રથમ નાટકીય અસરો જોવા મળી હતી; ન્યૂ જર્સીથી લઈને મેરીલેન્ડ સુધીના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા, જ્યારે રહોડ આઈલેન્ડમાં ઉછળતા મોજા કિનારે અથડાઈ રહ્યા હતા.

મોટા પાયે ફેલાયેલા આ વાવાઝોડાએ દરિયાકાંઠા વિસ્તારને ઝાપટમાં લેવાનું શરૂ કરતાં જ હજારો ગ્રાહકોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હવામાનશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે કેટલીક સૌથી ખરાબ પરિસ્થિતિઓ હજુ આવવાની બાકી છે.

આ વધુ મજબૂત બની રહેલા અને નજીક આવી રહેલા વાવાઝોડાને ધ્યાનમાં રાખીને ન્યૂયોર્ક સિટી, ન્યૂ જર્સીના દરિયાકાંઠાના વિસ્તારો, લોંગ આઈલેન્ડ અને ન્યૂયોર્કના વેસ્ટચેસ્ટર કાઉન્ટી માટે 'સ્ટેટ ઓફ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી છે. રહોડ આઈલેન્ડના નારાગાનસેટમાં, નારાગાનસેટ પીઅરની આસપાસ દરિયાકાંઠે આવેલા પૂરના નાટકીય દ્રશ્યો સામે આવ્યા હતા. દરિયાનું પાણી સીવોલ પરથી પસાર થઈને ઓશન ડ્રાઈવ પર વહેતું જોઈ શકાતું હતું, જ્યારે દરિયાના ઉછળતા મોજા નારાગાનસેટ ટાઉન બીચના પાર્કિંગ લોટ સુધી પહોંચી ગયા હતા અને તેને પાણીમાં ગરકાવ કરી દીધું હતું.

## બાંગ્લાદેશમાં હિન્દુ ઝવેરીનો મૃતદેહ પાણીમાં તરતા ડ્રમમાંથી મળ્યો

### કોઇએ હત્યા કરીને ફેંકી દીધો હોવાની શંકા

ઢાકા, તા. ૨૬: બાંગ્લાદેશના મયમનસિંઘ જિલ્લામાં એક સ્લુઈસ ગેટ નજીક પાણીમાં તરી રહેલા પ્લાસ્ટિકના ડ્રમમાં 50 વર્ષીય હિન્દુ ઝવેરીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને આશંકા છે કે તેની હત્યા કર્યા બાદ મૃતદેહને પાણીમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

મૃતકની ઓળખ નિરંજન ચંદ્ર સુત્રધાર તરીકે થઈ છે, જે ભાગીદારીમાં ઝવેરાતની દુકાન ચલાવતો હતો. બંગાળી અખબાર 'દૈનિક ઈત્તેફાક' અનુસાર, નિરંજનના પેન્ટના ખિસ્સામાંથી 'મયમનસિંઘ હિન્દુ કો-ઓપરેટિવ ક્રેડિટ યુનિયન લિમિટેડ' દ્વારા જારી કરાયેલ એક ટોકન મળી આવ્યું હતું, જેના આધારે પોલીસે તેની ઓળખ કરી હતી. આ સહકારી મંડળીનો સંપર્ક કર્યા પછી, પોલીસ તેની ઓળખ સ્થાપિત કરવામાં સફળ રહી હતી. બાદમાં નિરંજનના પત્ની સુમિતા અને પુત્ર જોયે તેની ઓળખની પુષ્ટિ કરી હતી.

કોતવાલી મોડેલ પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર રુહુલ અમીને 'દૈનિક ઈત્તેફાક'ને જણાવ્યું હતું કે નિરંજનની હત્યા કોણે કરી અથવા હત્યા પાછળનો હેતુ શું હતો તે પોલીસ હજુ સુધી જાણી શકી નથી. પોલીસે જણાવ્યું કે શરીર પર ઈજાના નિશાનો હતા અને તેઓને આશંકા છે કે નિરંજનની હત્યા કરીને મૃતદેહને ડ્રમમાં મુકી પાણીમાં ફેંકી દેવામાં આવ્યો હશે. અહેવાલ મુજબ નિરંજન ૨૦ સપ્ટેમ્બરથી લાપતા હતો. તે અગાઉ પણ ઘર છોડીને ચાલ્યો ગયો હતો પણ કેટલાક સમય પછી પાછો આવી ગયો હતો, તેથી આ વખતે પણ આવી જશે એવી આશા સાથે તેના પરિવારે તેના ગુમ થવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી ન હતી.

भारतीय दूरसंचार विनियामक प्राधिकरण
Telecom Regulatory Authority of India




ટ્રાઈ માયસ્પીડ
ઈન્ટરનેટની સ્પીડ અને કવરેજ ચેક કરો
ડાઉનલોડ માટે સ્કેન કરો

ટ્રાઈ માયકોલ
કોલને રેટ કરો અને કવરેજ ચેક કરો
ડાઉનલોડ માટે સ્કેન કરો

ટ્રાઈ ડીએનડી
સ્પેમ કોલ અને SMSની ફરિયાદ નોંધાવો
ડાઉનલોડ માટે સ્કેન કરો

CBC 06218/13/0005/2627

આજે જ એપ્સ ડાઉનલોડ કરો

Follow us on: @TRAI @trai.official_ Telecom Regulatory Authority of India